NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

## -- :: પરિપત્ર ::--

**વિષય:– નાણાંકીય વ્યવહારોમાં અને વ્યવસ્થાપનમાં થતી હિસાબી ગુંચવણોનાં માર્ગદર્શ માટેના સેમીનારમાં હાજર રહેવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તેમજ નાણાંકીય કામગીરી સાથે સંકળાયેલા કલેરીકલ કર્મચારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરી ખાતેથી ૨૦૨૦-૨૧ ના વર્ષનાં વાર્ષિક હિસાબો તૈયાર કરવાની કામગીરી, નામદાર સરકારશ્રીની સુચના અનુસાર તમામ આવકો ડીજીટલ માધ્યમથી સ્વીકારવાનું થતું હોય એના અમલીકરણનાં ભાગરૂપે પ્રથમ તબક્કે ભીમ QR Code ની કામગીરી તેમજ રેગ્યુલર પેન્શનરોને ઓળખ કાર્ડ ઉપલબ્ધ કરાવવા માટે ની કામગીરી પૂર્ણ કરેલ છે. તો **૨૦૨૦–૨૧ના વર્ષના વાર્ષિક હિસાબ, ભીમ QR Code અને પેન્શનરોના ઓળખ કાર્ડ** વિતરણ કરવા તેમજ હિસાબી **ગુંચવણોનું યોગ્ય માર્ગદર્શન** આપવા અર્થે **મીટીંગ/સેમિનારનું** આયોજન **તા.૨૮/૧૨/૨૦૨૧** ના રોજ **સવારે ૧૦:30** કલાકે સેન્ટ્રલ એક્ષામિનેશન હોલ, સરદાર સ્મૃતિ કેન્દ્રની સામે નવસારી ખાતે રાખવામાં આવેલ છે, તો આ યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તેમજ નાણાંકીય કામગીરી સાથે સંકળાયેલા કલેરીકલ કર્મચારીશ્રીઓને અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

સદર મીટીંગ/સેમિનારમાં **માન.કુલપતિશ્રી** પણ હાજર રહેવાના હોય સમયસર હાજર રહેવું.

**હિસાબ નિયામક**

**જા.નં.નકૃયુ/હિનિ/વહટ/૯૮૫૯/૨૦૨૧ નવસારી,**
**તા. ૨૩/૧૨/૨૦૨૧**

**નકલ જય ભારત સાથ રવાના:–**

(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ /સબ યુનિટ તરફ જાણ થવા સારૂ.
(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૩) અત્રેની યુનિવર્સિટીના નાણાંકીય કામગીરી સાથે સંકળાયેલા કલેરીકલ કર્મચારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

**Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.**